
MANOGAT • Year 45 • Issue 5 • 10 June 2026 • Adhik Jeth Vad 10, Samvat 2082 • Yugabd 5128 • Price : Rs. 5/- • Pages : 28

# मनोगत



## કોંગ્રેસ વીતેલાં 12 વર્ષોથી અરાજકતા અને અનિશ્ચિતતા ફેલાવીને પોતાના માટે અવસર શોધી રહી છે, પરંતુ દેશની જનતા, તેને વારંવાર કરારો જવાબ આપી રહી છે

# શ્રી અમિતભાઈ શાહના ગૃહમંત્રી તરીકેનાં સફળતાનાં ૭ વર્ષ

## માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં – રામમંદિર, ૩૭૦ની નાબૂદી, CAA, નકસલવાદ નાબૂદી અને બંગાળ વિજયમાં ખડેપગે ઉભેલા સાથી



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર ૨.૦ને બે વર્ષ અને સાતત્યપૂર્ણ ૧૨ વર્ષ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના ૧૨ વર્ષ પૂરાં થયાં છે. ૨૦૧૯માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન પદના શપથ લીધા હતા ત્યારે જાહેર થયેલી કેબિનેટ મંત્રીઓની યાદીમાં એક નામ પર સૌનું ધ્યાન ખેંચાયું હતું એ છે શ્રી અમિતભાઈ શાહ. શ્રી અમિતભાઈ શાહ ગાંધીનગર બેઠક ઉપરથી લોકસભાની ચૂંટણી લડ્યા હતા અને મોટા માર્જિનથી જીતી ગયા હતા. નવી સરકારમાં તેમને ગૃહમંત્રીનો કાર્યભાર સોંપવામાં આવ્યો હતો. ૨૦૨૧માં તેઓ દેશના પ્રથમ સહકારિતા મંત્રી પણ બન્યા, તેના પરિણામે સમગ્ર દેશમાં આજે સહકારી ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તનો સાથે 'સહકાર સે સમૃદ્ધિ' ના સંકલ્પ સાથે આમૂલચૂર પરિવર્તન આવ્યું છે. શ્રી અમિતભાઈ શાહે ગૃહમંત્રી પદ ઉપર રહીને અનેક મોટા નિર્ણયોમાં, સરકારનાં મહત્ત્વપૂર્ણ કામોમાં વડાપ્રધાન મોદીનો સાથ આપ્યો છે અને એમની ચાણક્યનીતિના ઉપયોગથી દેશના અતિસંવેદનશીલ મુદ્દાઓ જેવા કે રામમંદિર નિર્માણ માટે ચાલતો કોર્ટ કેસ, કાશ્મીરમાંથી ધારા ૩૭૦ની નાબૂદી કે પછી નાગરિકત્વ સુધારણા કાયદો દરેકમાં શ્રી અમિતભાઈ શાહનો ફાળો અગત્યનો રહ્યો છે.

### સરદાર પટેલનું અખંડ ભારતનું સપનું પૂર્ણ કર્યું


દેશના સૌપ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે જોયેલા અખંડ ભારતના સપનાને સાકાર કરવા તરફ અમિતભાઈ શાહનો મોટો ફાળો છે. કાર્યભાર સંભાળ્યાના સાંઇઠ દિવસમાં જ શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવી દીધો હતો. જેમાં પણ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે અગત્યનો ભાગ ભજવ્યો હતો. ધારા ૩૭૦ હટાવવા પહેલાં કાશ્મીરમાં સેના તૈનાત કરવામાં આવી, અમરનાથ યાત્રા સ્થગિત કરાઈ અને ત્યારબાદ તૈયારી સાથે શાહે લોકસભામાં બિલ રજૂ કર્યું હતું. સરકારની એ સફળતા હતી કે આટલા આકરા નિર્ણય પછી પણ કાશ્મીરમાં એક પથ્થર પણ ઊછળ્યો ન હતો. એ જ રીતે રામમંદિર કેસમાં પણ આખા દેશમાં કોઈ રમખાણ ન થયા એ પણ સરકારની અને ખાસ કરીને ગૃહમંત્રીની સફળતા જ કહેવાય.

### રાજનીતિના ચાણક્ય

નાગરિકત્વ સુધારણા બિલ સરકારનાં મહત્ત્વપૂર્ણ કામોમાંથી એક ગણાય છે. જેનું બિલ સંસદના બંને ગૃહોમાં શ્રી અમિતભાઈ શાહે જ રજૂ કર્યું હતું. અને ન માત્ર રજૂ કર્યું પરંતુ વિપક્ષે પૂછેલા પ્રશ્નો અને તીખી ચર્ચાઓના જવાબ પણ શ્રી અમિતભાઈ શાહે તર્કબદ્ધ દલીલો સાથે બખૂબી આપ્યા હતા. ઉપરાંત સીએએ પછી દેશભરમાં થયેલાં પ્રદર્શનો વચ્ચે પણ તેઓ નિર્ણય ઉપર અડગ રહ્યા અને સીએએને બંને ગૃહોમાં પાસ કરાવીને કાયદો બનાવાયો.

**- ડૉ. બિમલ જોષી**

Year : 45, Issue : , Pages : 28





# આપણા નરેન્દ્રભાઈએ નહેરુનો વિક્રમ તોડ્યો

## તંત્રીસ્થાનેથી

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

૧૦ જૂન ૨૦૨૬. આજે આપણા સૌ માટે એક ઐતિહાસિક દિવસ છે. પ્રજાસત્તાક ભારતમાં આજ સુધી પ્રધાનમંત્રી પદે સૌથી વધુ દિવસ રહેવાનો વિક્રમ ૪૩૯૮ દિવસનો દેશના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુનો હતો જે આજે ૪૩૯૯માં દિવસ દ્વારા આપણા નરેન્દ્રભાઈ મોદીએ જૂનો તોડી અને વિક્રમ નવો પ્રસ્થાપિત કર્યો છે. એક આનંદ - આપણા નરેન્દ્રભાઈએ નહેરુનો વિક્રમ તોડ્યો તેનો છે અને બીજો આનંદ આપણી વિચારધારાના શાસન દ્વારા તોડ્યો તેનો છે.

મિત્રો, આમ તો નરેન્દ્રભાઈના આ વિક્રમ વિશે લખતી વખતે નહેરુ શાસનનું પણ સ્વાભાવિક રીતે જ મૂલ્યાંકન થાય. નહેરુના પ્રદાન કરતા તેમની ભૂલો જ હંમેશાં મોટી લાગે છે. કમનસીબી એ છે કે આ ભૂલોને કોંગ્રેસે આજ  સુધી ન તો સ્વીકારીને માફી માંગી છે કે નથી તેને સુધારવાની તસ્દી લીધી છે. બાબત કાશ્મીરની હોય, હૈદરાબાદની હોય કે જૂનાગઢની હોય નહેરુએ ધરાતલને જાણ્યા વિના નકશા અને ટેબલો પર નિર્ણયો કર્યા અને દેશે સહન કરવાનું આવ્યું ત્યારે નરેન્દ્રભાઈ આજે જમીન પર ઊભા રહીને દેશહિતના નિર્ણયો કરીને સરદાર પટેલના માર્ગે ચાલીને ૩૭૦ની કલમ હટાવી, પડોશી દેશો સામે મજબૂતાઈથી ઊભા રહી ભારતમાતાના ત્રિરંગાને ગૌરવભેર ફરકાવી રહ્યા છે. નહેરુએ નાસર અને ટીટો સાથે રહીને વિશ્વ રાજનીતિમાં બિનજોડાણવાદી નીતિ અખત્યાર કરીને ભારતનું મહત્ત્વ સામેથી જ ડરપોક કે નબળું પ્રસ્થાપિત કર્યું હતું જ્યારે નરેન્દ્રભાઈએ આજે ભારતના સ્વાભિમાનને ઉજાગર કરીને વિશ્વ પટલ પર દેશને અગ્રતાક્રમે મજબૂત રીતે પ્રસ્થાપિત કર્યો છે. નહેરુએ સામ્યવાદી વિચારધારાને પરોક્ષ રીતે સ્વિકારીને દેશના ન માત્ર ભૌતિક વિકાસ પર લગામ લગાવી દીધી હતી, પરંતુ ધર્મનિરપેક્ષતાને મહત્વ આપીને દેશના નાગરીકધર્મને ગળે ટૂંપો આપીને સમાજજીવનને દંભ અને દૂષણોથી ભરપૂર કર્યું, જ્યારે નરેન્દ્રભાઈએ અટપટી સરકારી વ્યવસ્થાઓને સીધી લાઈનમાં લાવીને અયોધ્યામાં ભવ્ય રામમંદિર, વારણસી, પાવાગઢ જેવા અનેક તીર્થધામોના વિકાસ કરી નાગરિકોની ધર્મશ્રદ્ધાને રાષ્ટ્રભક્તિની દિશા આપવાનું હિમાલય જેવું કામ કર્યું.  નહેરુએ ગાંધી ટોપી જરૂર પહેરી ગાંધી વિચારધારાને પણ જીવનમાં ઉતારી ન શક્યા, જ્યારે નરેન્દ્રભાઈએ ગાંધી ટોપી ન પહેરી પરંતુ ગાંધીજીએ જે કૂવામાંથી સત્ય અને અહિંસાના સદ્ગુણો મેળવ્યા તે રામાયણને આત્મસાત કરી રામરાજ્યની અનુભૂતિ સમગ્ર રાષ્ટ્રને કરાવી છે.

મિત્રો ન લખવું જોઈએ છતા લખું છું કે, નહેરુની પશ્ચિમી માનસિકતા - લૉર્ડ માઉન્ટબેટનના પત્નીને સિગારેટ જલાવી  આપવા સુધી ગઈ હતી જ્યારે નરેન્દ્રભાઈ વિદેશનીતિ માટે ઇટલી જાય તો ત્યાંના પ્રધાનમંત્રીને પણ એવી વસ્તુ ભેંટમાં આપે જે 'આત્મનિર્ભર ભારત'ની સ્વદેશી વિચારધારાને પ્રગટ કરતી હોય. જીવનદષ્ટિ અને વહેવારના આ તફાવતોના મૂળમાં છે વિચારધારાનો ભેદ. નહેરુ પશ્ચિમની સ્નોબિશ મેન્ટાલીટી અને સામ્યવાદી દંભના અંતિમધ્રુવોની વચ્ચે ડોલતા રહ્યા જ્યારે નરેન્દ્રભાઈ એકાત્મ માનવદર્શન દ્વારા સનાતની વિચારધારાના કારણે હંમેશા દેશહિત માટે સ્પષ્ટ અને મજબૂત રહ્યા છે અને માટે જ આજે આપણો આનંદ ગંગોત્રીના પવિત્ર ભાવ સમો શુદ્ધ અને કલ્યાણકારી છે.

હૃદયના આનંદ અને સંતોષ સાથે - વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ


પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**

ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક

સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**

**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# સુરત શહેર નથી, સુરત એક સ્પિરિટ છે



# દેશનો ભરોસો ભાજપ પર છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

### કનુભાઈ માવાણીની વિદાય આદરપૂર્વક હું તેમને શ્રદ્ધાંજલિ અર્પું છું

સાથીઓ, મારી વાત શરૂ કરું તે પહેલાં, થોડા દિવસ પહેલાં જ મારા અનન્ય સાથી, જેમની સાથે મેં વર્ષો સુધી કામ કર્યું અને જીવનની અંતિમ ક્ષણ સુધી જે કાર્યરત રહ્યા, એવા કનુભાઈ માવાણીની વિદાય, આદરપૂર્વક તેમને શ્રદ્ધાંજલિ અર્પું છું. એક સાથી ગુમાવવાનું દર્દ સ્વાભાવિક છે, પરંતુ આજે સુરતની ધરતી પર આવ્યો છું ત્યારે, તેમના પુણ્યસ્મરણ સાથે મારી વાત આગળ વધારું છું.

### 'ખેતર બચાવો' અભિયાન

સાથીઓ, મને ઘણી વાર લાગે છે કે, આ સુરત શહેર નથી, સુરત એક સ્પિરિટ છે, અને આ સ્પિરિટ હોય, તો જ પર્યાવરણ દિવસ પર પ્રત્યેક પરિવારને જોડીને, આવા 15000 પર્યાવરણને સમર્પિત, આવા ખૂબ સરસ પોસ્ટર બનાવીને લોકો લાવ્યા છે. જે-જે પરિવારના સાથીઓએ આ કાર્ય કર્યું છે, તે બધાનું હું ખૂબ-ખૂબ અભિનંદન કરું છું. કારણ કે જ્યારે તેમણે આ વિચાર કર્યો હશે ને, તો તેમનું મન હવે આ પર્યાવરણની રક્ષામાં લાગ્યું હશે. અને આપણા કાઠિયાવાડના ઘણા બધા ભાઈઓ અહીં સુરતમાં રહે છે, અને તેમની ત્યાં ખેતી છે, તો મારો તેમને એક આગ્રહ છે કે પર્યાવરણના એક કાર્યના ભાગરૂપે 'ખેતર બચાવો', તે અભિયાનમાં જોડાઈ જાય. કેમિકલ ફ્રી ખેતી, આપણા વડીલો જે પ્રાકૃતિક ખેતી કરતા હતા, અને હું તો સુરતના જે-જે લોકોની જ્યાં-જ્યાં ખેતી હોય, બધાને મારે હકથી કહેવું છે, કે આટલું મારું કામ કરજો.

### 1 લાખ લોકોએ 5 દિવસ સફાઈનું અભિયાન ચલાવ્યું મારા માટે આ સૌથી મોટી સોગાત છે

સાથીઓ, અહીં બધાએ મારું સ્વાગત કર્યું, અલગ-અલગ સ્મૃતિ ચિહ્ન આપ્યાં, ભેટ-સોગાદ આપી, પરંતુ આ સિવાય પણ અનમોલ ભેટ સુરતે મને આપી છે, આનાથી પણ વધુ મૂલ્યવાન. સુરતનો કચરો મને ભેટ આપ્યો છે. 1 લાખ લોકોએ 5 દિવસ સફાઈનું અભિયાન ચલાવ્યું. મારા માટે આ સૌથી મોટી સોગાત છે અને હું 1 લાખ લોકોનો અને આખા સુરતનો હૃદયથી આભાર માનું છું. લોકોને થતું હશે કે આ કેવો પ્રધાનમંત્રી છે? સ્વાગતમાં કચરો મળ્યો તેનું ગૌરવ કરી રહ્યો છે, કારણ કે મારે સ્વચ્છતાને સંસ્કાર બનાવવી છે. 1 લાખ લોકોનું જોડાવું, એટલે કે 1 લાખ પરિવારોનું જોડાવું, અને આ માત્ર સ્વચ્છતાનું અભિયાન નથી, આ એક પ્રકારે સ્વસ્થ



# ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના



## ગરીબ કલ્યાણ

• **૮૧ કરોડથી વધુ** નાગરિકોને દર મહિને **નિઃશુલ્ક અનાજ** • **૪ કરોડથી વધુ પીએમ આવાસ, ૧૦.૫ કરોડથી વધુ ઉજ્જવલા ગેસ કનેક્શન અને ૧૨ કરોડથી વધુ શૌચાલયોથી** જીવન બન્યું સરળ

## નારીશક્તિ

• **૩૨ કરોડથી વધુ** મહિલાઓના **જનધન ખાતા ખુલ્યા** • સેનામાં મહિલાઓને મળ્યું **સ્થાયી કમિશન • ૩ કરોડથી વધુ 'લખપતિ દીદી' • ૧૦ કરોડ** ગ્રામીણ મહિલાઓ **૯૧ લાખથી વધુ સ્વ-સહાય જૂથો**ના માધ્યમથી બની સશક્ત

## રાષ્ટ્રનિર્માણ

• **૨૬** શહેરોમાં વિસ્તર્યું **૧,૧૦૦ કિ.મી.**થી વધુનું **મેટ્રો નેટવર્ક** • દેશભરમાં દોડી રહી છે **૧૬૪ વંદે ભારત ટ્રેનો** • અટલ સેતુ, સુદર્શન સેતુ, ચિનાબ રેલ બ્રિજ, બોગીબિલ બ્રિજ, પંબન બ્રિજ જેવા **વિશાળ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિર્માણ • એરપોર્ટ્સ**ની સંખ્યા **૭૪થી વધીને ૧૬૪ થઈ**

## યુવાશક્તિ

• અંદાજે **૨** કરોડ યુવાનોને **કૌશલ્ય તાલીમ** • **૪૦ લાખ કરોડથી વધુની મુદ્રા લોન** • દેશભરમાં **૨.૨ લાખ સ્ટાર્ટઅપ્સ • ૧૦,૦૦૦થી વધુ અટલ ટિંકરિંગ લેબ્સ** દ્વારા નવીનતાને પ્રોત્સાહન

## આરોગ્ય

• **૭૦** વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને પણ **રૂ. ૫ લાખ** સુધી **મફત સારવાર • ૭૦ કરોડથી વધુ** લોકોને **આયુષ્માન ભારતનું** સુરક્ષા કવચ • દેશભરમાં **૧૯,૦૦૦થી વધુ જનઔષધિ કેન્દ્રોમાં ૯૦%** સુધી સસ્તી દવાઓ

## રાષ્ટ્ર પ્રથમ

• આશરે **રૂ. ૩૮,૪૦૦ કરોડનું** રેકોર્ડ **ડિફેન્સ એક્સપોર્ટ • નક્સલવાદમુક્ત ભારતનું** સપનું થયું સાકાર, આતંકવાદ સામે **'ઝીરો ટોલરન્સ' નીતિ** • ગુલામીની માનસિકતામાંથી મુક્તિ - રાજપથ બન્યો **કર્તવ્યપથ** અને **છત્રપતિ શિવાજી મહારાજ**ની **મુદ્રાથી** પ્રેરિત **નૌસેનાનો નવો ધ્વજ**

## ખેડૂત કલ્યાણ

• **રૂ. ૪.૩ લાખ કરોડ**ની પીએમ કિસાન સમ્માનનિધિ • **૪ કરોડથી વધુ** ખેડૂતોને **રૂ. ૨ લાખ કરોડનું પાક વીમા કવચ • રૂ. ૨૬ લાખ કરોડથી વધુ**ના પાકની ખરીદી **MSP** પર • **૮** કરોડ ખેડૂતોને **કિસાન ક્રેડિટ કાર્ડ**

## મધ્યવર્ગીય પરિવાર

• **રૂ. ૧૨.૭૫ લાખ** સુધીની વાર્ષિક આવક **કરમુક્ત** • **ઉડાન યોજના** હેઠળ **૧.૬ કરોડથી વધુ** મુસાફરોએ કરી સસ્તી હવાઈ યાત્રા • **એમબીબીએસ** બેઠકોની સંખ્યા **૧૫૧%** વધીને અંદાજે **૧.૩ લાખ** થઈ

## વારસો અને વિકાસ

• અયોધ્યામાં **ભવ્ય રામમંદિર**નું નિર્માણ • કાશી વિશ્વનાથ ધામ, મહાકાલ મહાલોક અને કેદારનાથ ધામનો **કાયાકલ્પ**





ભવિષ્ય માટે સંસ્કારપર્વ છે, અને તેના માટે સુરતના તમામ સાથીઓ ખૂબ-ખૂબ અભિનંદનના અધિકારી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પછી, હું પહેલીવાર ગુજરાત આવ્યો છું, સુરત આવ્યો છું. હું સુરતથી, આખા ગુજરાતના લોકોને વંદન કરું છું, અભિનંદન કરું છું.

**ગુજરાતની જનતાએ આપણા સેવાભાવને પોતાનું સમર્થન આપ્યું છે**

સાથીઓ, અહીં સુરત અને નવસારીના અનેક ચૂંટાયેલા જન-પ્રતિનિધિઓ પણ આવેલા છે. હું આપ સૌને પણ ખૂબ-ખૂબ શુભકામનાઓ આપું છું. આપણે બધાએ હંમેશા યાદ રાખવાનું છે, ગુજરાતની જનતાએ આપણા સેવાભાવને પોતાનું સમર્થન આપ્યું છે. આ પ્રચંડ વિજય સેવાના આ મિશનને વધુ વિસ્તાર આપવા માટે છે. આપણે બધાએ, હવે હજુ પણ વધુ પરિશ્રમ કરવાનો છે. આપણો સંકલ્પ, વિકસિત ગુજરાત, વિકસિત ભારત, આ સંકલ્પને સિદ્ધ કરવો, સેવાના ભાવથી સમર્પિત થઈને કરવાનો છે. જ્યારે હું કહું છું, સુરત એક શહેર નથી, સુરત એક સ્પિરિટ છે, આની પાછળ મારું દૃઢ વલણ છે. તમે કલ્પના કરી શકો છો, આખા હિન્દુસ્તાનમાં જે શહેર સતત સ્વચ્છતાના ઍવોર્ડ પ્રાપ્ત કરતું હોય, સ્વાભાવિક છે તેનું મન થઈ જાય, યાર બહુ થઈ ગયું, આટલા ઍવોર્ડ લઈ લીધા, હવે શું કરવું છે. પરંતુ સુરત એવું નથી કરી રહ્યું, તે આજે પણ સફાઈના અભિયાનને પ્રાથમિકતા આપે છે, ત્યારે હું કહું છું, સુરત શહેર નથી, સુરત એક સ્પિરિટ છે.

સાથીઓ, આ જે આપણો સંકલ્પ છે, વિકસિત ભારતનો, વિકસિત ગુજરાતનો. આ સંકલ્પ, દેશના ગામ, દરેક જિલ્લા, દરેક શહેરને, આપણે જ્યારે વિકસિત કરીશું, ત્યારે જ સિદ્ધ થવાનો છે. ઓનલા માટે, તમામ ચૂંટાયેલા ભાજપ જન-પ્રતિનિધિઓની ભૂમિકા બહુ મોટી છે.

**ગુજરાત રાજ્ય છે, જેણે આ શતાબ્દીના પ્રારંભમાં જ સરકારે ક્લાઈમેટ ચેન્જનો અલગ ડિપાર્ટમેન્ટ બનાવ્યો હતો**

સાથીઓ, દુનિયા, હવે હરિત યુગ તરફ, ગ્રીન ફ્યુચર તરફ બહુ જ સાવધ થઈ ચૂકી છે, ધીમે-ધીમે કદમ રાખવાનો પ્રયાસ પણ કરી રહી છે. ભારત પણ ગ્રીન ગ્રોથ પર બહુ જ વધારે કામ કરી રહ્યું છે. અને આમાં પણ ગુજરાતે વર્ષો પહેલાં જ તેજ કદમ ઉઠાવવાના શરૂ કરી દીધાં હતાં. ગુજરાત રાજ્ય છે, જેણે આ શતાબ્દીના પ્રારંભમાં જ સરકારે ક્લાઈમેટ ચેન્જનો એક અલગ ડિપાર્ટમેન્ટ બનાવ્યો હતો. એવી વ્યવસ્થા બનાવનાર ગુજરાત, દેશનું પહેલું રાજ્ય હતું. અને જેવું હમણાં મુખ્યમંત્રીજીએ જેનું વર્ણન કર્યું, ગુજરાતના પોતાના પાટણના ચારણકા ગામમાં, ભારતનો પહેલો સોલર પાર્ક પણ બનાવવામાં આવ્યો હતો. અને એક પ્રકારે તે સમયે તો તે તીર્થક્ષેત્ર બની ગયું હતું, લોકો જોવા આવતા હતા કે આટલો, દૂર-દૂર સુધી દેખાય એટલો મોટો સોલર પ્લાન્ટ.

સાથીઓ, ગુજરાતમાં તે સમયે આપ સૌએ જે કર્યું, તેણે આખા દેશને પ્રેરણા આપી છે. આજે ભારત, પ્રકૃતિની સાથે પ્રગતિનો મંત્ર લઈને વિકાસ કરી રહ્યું છે. ઇકોનોમી પણ, ઇકોલોજી પણ.

અને સાથીઓ, સુરતમાં તો આ પ્રત્યક્ષ દેખાય છે. આજકાલ સુરતની 'સર્ક્યુલર વોટર ઇકોનોમી'ની બહુ ચર્ચા થાય છે. અહીં શહેરના વેસ્ટ



વોટરને ટ્રીટ કરીને ઇન્ડસ્ટ્રીને સપ્લાય કરવામાં આવે છે. આનાથી ગંદા પાણીનું મેનેજમેન્ટ પણ થઈ જાય છે, અને પાણીમાંથી કમાણી પણ થાય છે. વીતેલાં 12 વર્ષોથી દેશમાં વેસ્ટ ટુ વેલ્થનું એક બહુ મોટું જન-આંદોલન ચાલ્યું છે. આ આપણાં શહેરોની સ્વચ્છતા અને તેમને ગ્રીન અને ક્લીન બનાવવામાં બહુ કામ આવી રહ્યું છે.

## સ્ટીલના પ્રોડક્શનમાં, ગ્રીન ઊર્જાનો ઉપયોગ

સાથીઓ, સુરત માત્ર સ્વચ્છતા અને સર્ક્યુલર ઇકોનોમી સુધી જ સીમિત નથી, બલ્કે ગ્રીન ગ્રોથનાં બીજાં માધ્યમોનો પણ અભૂતપૂર્વ ગતિથી વિસ્તાર થઈ રહ્યો છે. હવે જેમ કે ઇલેક્ટ્રિક મોબિલિટી છે. સુરત, એવી વ્યવસ્થા બનાવવામાં જૂટ્યું છે, જ્યાં રસ્તાઓ પર ચાલનારી બધી બસો ઇલેક્ટ્રિક હશે. સાથે જ અહીં સુરત મેટ્રોનો પણ વિસ્તાર થઈ રહ્યો છે. આ બધાં પગલાં, હરિત શહેર તરીકે સુરતની ઓળખને વધુ સશક્ત કરશે. અને હા, આવનારા સમયમાં, હઝીરા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ગ્રીન સ્ટીલના ઉત્પાદન માટે પણ ઓળખાશે. એટલે કે સ્ટીલના પ્રોડક્શનમાં, ગ્રીન ઊર્જાનો ઉપયોગ થશે.

## ગુજરાતે રિફાઈનિંગ, સોલર અને વિન્ડ પાવરના ક્ષેત્રમાં પોતાનું સામર્થ્ય વધાર્યું છે

સાથીઓ, આમાં પણ ગુજરાતની બહુ મોટી ભૂમિકા છે. વીતેલાં વર્ષોમાં ગુજરાતે રિફાઇનિંગના ક્ષેત્રમાં, સોલર અને વિન્ડ પાવરના ક્ષેત્રમાં, પોતાનું જે સામર્થ્ય વધાર્યું છે, તે દેશમાં બહુ કામ આવી રહ્યું છે. આજે ભારતની રિન્યુએબલ કેપેસિટી, 250 ગીગાવોટ છે. આપણા દેશમાં ક્યારેય મેગાવોટથી આગળ વિચારવામાં જ નહોતું આવતું, આજે ગીગાવોટની ચર્ચા થઈ રહી છે. અને આમાં 50 ગીગાવોટનું યોગદાન એકલા ગુજરાતનું છે. 250 ગીગાવોટમાં 50 ગીગાવોટ, આપ સૌની તાકાત છે આ. એટલે કે દેશની ગ્રીન ઊર્જાનો પાંચમો ભાગ, એકલું ગુજરાત પ્રોડ્યુસ કરે છે. સૌરઊર્જાના ઉત્પાદનમાં ગુજરાતે પ્રશંસનીય કામ કર્યું છે. અને હવે, જ્યારે દેશ ગ્રીન હાઇડ્રોજન અને ગ્રીન એમોનિયા જેવાં ક્ષેત્રોમાં કામ કરી રહ્યો છે, તો આમાં પણ ગુજરાતનો રોલ બહુ મોટો હોવાનો છે.

## આપણે દુનિયાના ટોપ 5 દેશોમાંથી એક

સાથીઓ, આ જે વૈશ્વિક કટોકટી ચાલી રહી છે, તે દર્શાવે છે કે ઊર્જાની બાબતમાં આત્મનિર્ભરતા કેટલી જરૂરી છે. અને વીતેલાં 12 વર્ષોમાં દેશે જે કેપેસિટી તૈયાર કરી છે, તેનું કેટલું મોટું મહત્ત્વ છે. એક તરફ આપણે દુનિયાના અલગ-અલગ હિસ્સાઓમાંથી તેલ અને ગેસની આપૂર્તિ સુનિશ્ચિત કરી, બીજી તરફ આપણે રિન્યુએબલ એનર્જીમાં ઐતિહાસિક રોકાણ વધાર્યું. 12 વર્ષ પહેલાં ભારતમાં સૌરઊર્જાનું ઉત્પાદન નામ માત્રનું હતું, આજે આપણે દુનિયાના ટોપ 5 દેશોમાંથી એક છીએ, 5 દેશોમાંથી એક છીએ. અને માત્ર સૌરઊર્જા જ નહીં, આપણે ભારતમાં ઇથેનોલ બ્લેન્ડિંગની કેપેસિટી વધારી, રેલવેના વીજળીકરણને ગતિ આપી, પરમાણુ ઊર્જા પર કામ કર્યું, અમારું જે વીજળીનું ટ્રાન્સમિશન નેટવર્ક જૂનું થઈ ગયું હતું, તેનું આધુનિકીકરણ કર્યું, તેનો વિસ્તાર કર્યો. ગેસ પાઇપલાઇનના નેટવર્કનો દાયરો બહુ જ વધારે વધાર્યો. આપણા જે પોર્ટ છે, તેમની કેપેસિટી વધારી, જેથી ત્યાં વધુમાં વધુ પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ પહોંચી શકે અને જ્યાં સંભવ છે, ત્યાં સ્ટોર પણ થઈ શકે. આવનારા સમયમાં દેશનું આ સામર્થ્ય હજુ વધુ વધવાનું છે. આ દિશામાં અમારી સરકારના પ્રયાસો સતત ચાલુ છે.

## હજીરા, દેશના એક મોટા મેરીટાઇમ-ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે વિકસિત થઈ રહ્યું છે

સાથીઓ, અહીં સુરતમાં તમારી વચ્ચે આવતા પહેલાં હું હજીરા ગયો હતો, અત્યારે હર્ષભાઈ જેનું વર્ણન કરી રહ્યા હતા. આત્મનિર્ભર ભારતનો શું મતલબ થાય છે, તે હજીરા જવાથી પણ સાફ દેખાય છે. હજીરા આજે માત્ર એક ઔદ્યોગિક ક્ષેત્ર નથી. આ એક એવું ઇકોસિસ્ટમ બની ચૂક્યું છે જ્યાં, ઊર્જા છે, સ્ટીલ છે, ડિફેન્સ પ્રોડક્શન છે, પોર્ટ છે, અને ગ્લોબલ ટ્રેડનું ઇકોસિસ્ટમ છે. હજીરા, દેશના એક મોટા મેરીટાઇમ-ઇન્ડસ્ટ્રીયલ હબ તરીકે વિકસિત થઈ રહ્યું છે, આત્મનિર્ભર ભારતના એક મોટા સેન્ટર તરીકે ઊભરી રહ્યું છે.

પરંતુ સાથીઓ, આજે દેશમાં કેટલાક નિરાશાવાદી લોકો છે, જે આત્મનિર્ભર ભારત અભિયાનની મજાક ઉડાવતા રહે છે. દેશના આ સંકલ્પને તેઓ સતત નીચો જ દેખાડે છે, આ એ લોકો છે જેમણે હંમેશા



ભારતને બીજા દેશો પર નિર્ભર રાખ્યું. તે લોકો એ ભૂલી જાય છે, કે બીજા પર નિર્ભર દેશ, વિકાસની એ ઊંચાઈ ક્યારેય પ્રાપ્ત નથી કરી શકતો, જેનો તે હકદાર છે. આત્મનિર્ભર ભારતને ગતિ આપવા માટે, આજે દેશનું કનેક્ટિવિટી પર બહુ જ વધારે ફોકસ છે. વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર અને બુલેટ ટ્રેન જેવા પ્રોજેક્ટ, ભારતની આ જ પ્રાથમિકતાને દર્શાવે છે. આજે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેના એક મોટા હિસ્સાનું ઉદ્‌ઘાટન થઈ ગયું છે. આ દેશના બે મોટા ઇન્ડસ્ટ્રીયલ અને ટ્રેડ સેન્ટર્સને હજુ બહેતર કનેક્ટિવિટી આપશે.

## નર્મદા અને તાપી જિલ્લાનાં આદિવાસી ક્ષેત્રો સુધી ફોર-લેનની સુવિધા

સાથીઓ, અમારો પ્રયાસ બધાને જોડવાનો છે, બધાને સમાન તક અને સુવિધા આપવાનો છે. દૂર-સુદૂરના વિસ્તારો, આદિવાસી ક્ષેત્રો, જેમની સુધી સુવિધાઓ નહોતી પહોંચી, તેમની સુધી આજે આધુનિક કનેક્ટિવિટી પહોંચી રહી છે. દાહોદ-બોડેલી-વાપી કોરિડોર, આ જ સંકલ્પનું પ્રતિબિંબ છે. તમે વિચારો, નર્મદા અને તાપી જિલ્લાનાં આદિવાસી ક્ષેત્રો સુધી ફોર-લેનની સુવિધા પહોંચી રહી છે. આનાથી યાત્રાનો સમય બહુ ઓછો થશે, ભાડું ઓછું થશે, એટલે કે આદિવાસી અને ગ્રામીણ ક્ષેત્રોના લોકોને, ભણતર, દવા અને કમાણીની શ્રેષ્ઠ સુવિધા મળશે.

સાથીઓ, આ કોરિડોરથી, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ અને તાપી જિલ્લાના આદિવાસી ક્ષેત્રો, આ ઇન્ડસ્ટ્રીયલ બેલ્ટથી જોડાઈ જશે. આનાથી, દક્ષિણ ગુજરાતના આદિવાસી ક્ષેત્રોમાં ટૂરિઝમને પણ બળ મળશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાપુતારા અને આસપાસના પર્યટન સ્થળો સુધી પહોંચવું બહુ સરળ થઈ જશે. સુરતમાં એક આધુનિક ESIC હોસ્પિટલનું પણ લોકાર્પણ થયું છે. આ હોસ્પિટલ આપણા શ્રમિક ભાઈઓ-બહેનો અને તેમના પરિવારો માટે, બહેતર આરોગ્યસેવાઓનું નવું કેન્દ્ર બનશે. બીજાં રાજ્યોમાંથી જે સાથીઓ અહીં રહેવા આવ્યા છે, રોજગાર કરવા આવ્યા છે, તેમને પણ આ હોસ્પિટલથી બહુ મદદ મળવાની છે.

## દેશનો ભરોસો ભાજપ પર છે ભાજપનાં વિકાસકાર્યો પર છે

સાથીઓ, અમારી સરકાર, દેશના વિકાસને સર્વોપરી રાખતાં કામ કરી રહી છે. અને એટલા માટે, દેશનો ભરોસો ભાજપ પર છે, ભાજપનાં વિકાસકાર્યો પર છે. એટલા માટે દેશની જનતા વારંવાર ભાજપને જનાદેશ આપી રહી છે. હાલમાં જ થયેલી, બંગાળની ચૂંટણી, તમને લાગતું હશે કે મેં બંગાળ બોલી દીધું, એકદમથી અહીં ઊર્જા આવી ગઈ, પરંતુ મારો અનુભવ હતો, હું પાછલા દિવસોમાં 5 દેશોની યાત્રા પર હતો, ત્યાં પણ બંગાળ-બંગાળ ચાલી રહ્યું હતું, દરેક કોઈ બંગાળની ચર્ચા કરતું હતું. ચૂંટણી બંગાળની, અસામ અને પુડુચેરીની ચૂંટણીઓમાં, ભાજપને, એનડીએને બહુ મોટો જનાદેશ મળ્યો છે. આ સિવાય જે પંચાયતો અને કોર્પોરેશનની પણ ચૂંટણીઓ દેશભરમાં થઈ રહી છે, ત્યાં પણ બીજેપીને વિજય મળી રહ્યો છે.

## ગુજરાતના લોકોએ કોંગ્રેસને હાંસિયામાં ધકેલી દીધી છે

સાથીઓ, આવી દરેક ચૂંટણીનો એક જ મેસેજ છે, દેશ અરાજકતા, અનિશ્ચિતતા અને નિરાશાને પસંદ નથી કરતો. કોંગ્રેસ, વીતેલાં 12 વર્ષોથી અરાજકતા અને અનિશ્ચિતતા ફેલાવીને પોતાના માટે અવસર શોધી રહી છે, પરંતુ દેશની જનતા, તેને વારંવાર કરારો જવાબ આપી રહી છે. ગુજરાતના તમે લોકોએ તો કોંગ્રેસને હાંસિયામાં ધકેલી દીધી છે, પરંતુ જ્યાં કોંગ્રેસની સરકારો છે, ત્યાં પણ જનતા કોંગ્રેસના કુશાસનથી કંટાળી ગઈ છે. હમણાં-હમણાં હિમાચલમાં પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ થઈ, કોંગ્રેસની સરકાર છે, ત્યાં કોંગ્રેસ બૂરી રીતે હારી ગઈ. હિમાચલની જનતાએ, કોંગ્રેસના કુશાસનને નકારી દીધું છે. હરિયાણાની સ્થાનિક ચૂંટણીઓમાં કોંગ્રેસને હાર મળી, અને પંજાબના લોકોએ પણ કોંગ્રેસને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે, કોંગ્રેસનું પરજીવી પોલિટિક્સ નહીં ચાલે, કોંગ્રેસની અરાજકતામાં અવસર શોધવાની રાજનીતિ નહીં ચાલે. કર્ણાટકની જનતામાં પણ કોંગ્રેસ સરકારને લઈને બહુ આક્રોશ છે. અને આ જ કારણ છે, કે કર્ણાટકમાં પણ કોંગ્રેસને સીએમ બદલવા પડી રહ્યા છે.



# દમણ, ગુજરાતમાં વિવિધ વિકાસ કાર્યોના શિલાન્યાસ/લોકાર્પણ



# વર્ષ 2025-26માં ભારતે 7.7 પર્સન્ટનો ગ્રોથ રેટ હાસલ કર્યો છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

## દમણ મિની ઈન્ડિયાનું જીવતું-જાગતું ઉદાહરણ

સાથીઓ, કેટલાંક વર્ષો પહેલાં, જ્યારે હું તમારી વચ્ચે આવ્યો હતો, તો મેં કહ્યું હતું આ આપણું દમણ ઝડપથી મિની ઇન્ડિયા બની રહ્યું છે અને આજે હું જોઈ રહ્યો છું, ડાબી બાજુ આખું બંગાળ છે અને જમણી બાજુ આખું અસામ છે. દમણ મિની ઈન્ડિયાનું જીવતું-જાગતું ઉદાહરણ બની ચૂક્યું છે. અહીંની વિવિધતા, અલગ-અલગ ક્ષેત્રોના લોકોનું અહીં નિવાસ કરવું, આખા ભારતની સુંદર ઝલક તમારી વચ્ચે આવીને મળી જાય છે. તમે બધા આટલી મોટી સંખ્યામાં અમને આશીર્વાદ આપવા આવ્યા, હું આના માટે આપ સૌનો ખૂબ-ખૂબ ધન્યવાદ કરું છું. મને કેટલીય વાર દમણ, દીવ અને દાદરા અને નગર હવેલી પણ આવતો રહું છું અને જ્યારે હું મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રી નહોતો, ત્યારે તો બહુ વાર આવતો હતો. પરંતુ હવે જ્યારે હું અહીં આવું છું અને અહીંના સુશાસનને જોઈને, ગવર્નન્સ મોડલને જોઈને બહુ સારું લાગે છે. દર વખતે મને લાગે છે કે ગત વખતની સરખામણીમાં આ ક્ષેત્ર વિકાસની રાહ પર માઈલો આગળ વધી ગયું છે.

## વર્ષ 2025-26માં ભારતે 7.7 પર્સન્ટનો ગ્રોથ રેટ હાંસલ કર્યો છે

સાથીઓ, આજે તમારી વચ્ચે આવ્યો છું, તો એક સુખદ સમાચાર આવ્યા છે. હું તો આજે સવારે દિલ્હીથી નીકળી ચૂક્યો હતો, પરંતુ અત્યારે જે આંકડા સામે આવ્યા છે, જે સમાચાર આવ્યા છે, તે ખરેખર પ્રસન્નતા આપનારા છે અને હું પણ ઇચ્છું છું, આ ખુશી તમારી સાથે પણ વહેંચું. આજે જે આંકડા આવ્યા છે, એ આંકડાઓથી સાફ છે કે ભારતની અર્થવ્યવસ્થાનો પાયો કેટલો મજબૂત છે. વર્ષ 2025-26માં એટલે કે જે ફાઇનાન્સિયલ યર પાછલું પૂરું થયું, વર્ષ 2025-26માં ભારતે 7.7 પર્સન્ટનો ગ્રોથ રેટ હાસલ કર્યો છે, 7.7 અને પાછલો ક્વાર્ટર જે 31 માર્ચે ખતમ થયો, તેમાં પણ ભારતનો ગ્રોથ 7.8 પર્સન્ટ રહ્યો છે, 7.8 અને આ દુનિયામાં તેજ ગતિથી આગળ વધનારી મોટી ઇકોનોમી છે. દરેક ભારતીયને ગર્વ થાય, આ છે તેની ગતિ. આજે દેશ જે રિફોર્મ એક્સપ્રેસ પર ચાલી રહ્યો છે, આજે દેશમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો જે આટલો વિકાસ થઈ રહ્યો છે, ગરીબકલ્યાણને લઈને આટલા મોટા સ્તરે જે કામ ચાલી રહ્યું છે, આ બધા પ્રયાસોનું પરિણામ છે



કે આજે દેશ મોટી ઇકોનોમીમાં સૌથી તેજ ગતિથી આગળ વધી રહ્યો છે અને આપણે બધા જાણીએ છીએ, દુનિયા સંકટોમાં ઘેરાયેલી છે, આખી દુનિયાની અર્થવ્યવસ્થા સવાલોના નિશાનો નીચે દબાયેલી પડી છે, વૈશ્વિક સંકટના આ ખરાબમાં ખરાબ દોરમાં પણ 140 કરોડ દેશવાસીઓના સામૂહિક પ્રયાસોથી ભારત પોતાની જાતને સંભાળી તો રાખી જ રહ્યું છે, પરંતુ સાથે-સાથે સૌથી આગળ રહેવામાં પણ તેના પ્રયાસો સફળ થતા જઈ રહ્યા છે. હું દેશવાસીઓને આર્થિક ક્ષેત્રની આ નવી ઊંચાઈને પ્રાપ્ત કરવા માટે ખૂબ-ખૂબ વધામણી આપું છું અને હું દેશને ફરી આશ્વસ્ત કરું છું કે દેશ દુનિયાભરમાં ચાલી રહેલા આ સંકટોનો સામનો કરતા Reform, Perform અને Transform ના રસ્તા પર આવી જ રીતે દૃઢ સંકલ્પની સાથે, તેજ ગતિથી આગળ વધતો જ રહેશે, આ મારી દેશવાસીઓને ગેરંટી છે.

## વર્લ્ડ એન્વાયરમેન્ટ ડે

સાથીઓ, આજે આપણા માટે વિકાસ જેટલો જરૂરી છે, એટલું જ મહત્ત્વનું છે કે આપણું વિકાસનું મોડલ સસ્ટેનેબલ હોય. આજે વર્લ્ડ એન્વાયરમેન્ટ ડેના દિવસે આપણા અહીં યુનિયન ટેરિટરી સ્ટેટ આ સંકલ્પને સાકાર કરી રહ્યું છે. આજે એક તરફ અહીં હજારો કરોડની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ થયાં છે. સાથે જ અહીં આશરે એક લાખ એક વૃક્ષ માતાના નામે, એક લાખ છોડ પણ વાવવામાં આવી રહ્યા છે. મને ગર્વ છે કે એક એવો કેન્દ્રશાસિત પ્રદેશ છે, જેણે સરકારી ઇમારતોમાં શત પ્રતિશત, 100 પર્સન્ટ સૌર ઊર્જાના ઉપયોગની ઉપલબ્ધિ હાંસલ કરી છે. આજે દીવમાં દિવસમાં જેટલી વીજળીની ડિમાન્ડ હોય છે, તે સોલર પાવરથી જ પૂરી થઈ રહી છે અને આપણે તો આને હજુ આગળ લઈને જવાનું છે. ઘરોમાં પણ સોલર ઊર્જાથી વીજળી મળે, એટલું જ નહીં વધારાની વીજળીથી પરિવારની આવક પણ થાય, તેના માટે રૂફટોપ સોલર પ્લાન્ટ્સ લગાવવાની પહેલ શરૂ થઈ છે. હું આ ઉપલબ્ધિઓ માટે પણ આપ સૌની સરાહના કરું છું.

સાથીઓ, સાથે-સાથે મને એ પણ જણાવવામાં આવ્યું છે, દમણના લોકો આ દિવસોમાં અહીં સ્વચ્છતા અભિયાન પણ ચલાવી રહ્યા છે. આ દર્શાવે છે કે સ્વચ્છતા કઈ રીતે દમણના જનજીવનમાં સંસ્કાર બની ચૂકી છે અને આ સંસ્કાર સ્વચ્છતામાં નજરે પડી રહ્યા છે. હું આ જનભાગીદારીના તમારા પ્રયાસો માટે દમણના લોકોનું અભિનંદન કરું છું.

**નમો એરપોર્ટ, દમણગંગા નદી પર બનનારો આઇકોનિક બ્રિજ, 'બીચ ફ્રન્ટ' તેના પર બનનારો કન્વેન્શન સેન્ટર, આવા બધા ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા આપણે ભવિષ્યના મોટા સંકલ્પોનો પાયો નાખી રહ્યા છીએ**

સાથીઓ, દાદરા નગર હવેલી, દમણ અને દીવ, આ સંઘ શાસિત પ્રદેશ હોવાની સાથે જ ભારતની ઓળખ અને વિરાસત પણ છે. એટલા માટે, આના વિકાસ માટે અમારા લક્ષ્ય પણ સાધારણ નથી. મને યાદ છે, જ્યારે હું ગયા વર્ષે સિલવાસા આવ્યો હતો, ત્યારે મેં તમને સિંગાપોરનું ઉદાહરણ આપ્યું હતું. મેં કહ્યું હતું કે એક સમયે સિંગાપોર માછીમારોનું નાનું એવું ગામ હતું. પરંતુ, સિંગાપોરના લોકોએ એક સપનું જોયું, ત્યાંના લોકોએ મોટું લક્ષ્ય નક્કી કર્યું અને આજે એ જ સિંગાપોર દુનિયાનું સૌથી મોટું બિઝનેસ હબ બની ચૂક્યું છે. આજે દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ પણ એ જ સપનું જોઈ રહ્યા છે. આ નમો એરપોર્ટ, દમણગંગા નદી પર બનનારો આઇકોનિક બ્રિજ, 'બીચ ફ્રન્ટ' તેના પર બનનારું કન્વેન્શન સેન્ટર, આવા બધા ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા આપણે ભવિષ્યના મોટા સંકલ્પોનો પાયો નાખી રહ્યા છીએ. આ પ્રોજેક્ટ્સ દ્વારા લોકોની અવરજવર સરળ થશે. અહીં બિઝનેસ માટે નવી સંભાવનાઓ બનશે. દમણના બંને કિનારા પર વિકાસની ગતિ હજુ વધુ તેજ થશે.

સાથીઓ, અહીં સગવડતાના અર્થતંત્રથી જોડાયેલા અવસરો વધશે અને સાથે જ ટ્રાન્સપોર્ટ નગર જેવી સુવિધાથી વ્યાપાર, લોજિસ્ટિક્સને પણ નવી ગતિ મળશે.

સાથીઓ, આ ક્ષેત્રમાં બ્લુ ઇકોનોમી માટે અમે જે વિઝન તૈયાર કર્યું છે, તે વિઝન પણ હાઇટેક ઇન્ફ્રાસ્ટ્રક્ચરની તાકાતથી જ સાકાર થશે. એટલા માટે જ, લક્ષદ્વીપના કલપેની અને કદમત દ્વીપોમાં પણ આજે જ આધુનિક પોર્ટ્સની આધારશિલા રાખવામાં આવી રહી છે. આ તમામ પ્રયાસો બ્લુ ઇકોનોમીમાં



દેશની તાકાતને વધારશે અને જેવું મેં કહ્યું આ લક્ષદ્વીપનું ભાગ્ય બદલનારા પગલાં છે.

## ગરીબ, વંચિત, આદિવાસી અને મિડલ ક્લાસના જીવનમાં બદલાવ

સાથીઓ, ભાજપની સરકારમાં, એનડીએની અમારી સરકારમાં અમારા માટે વિકાસની પહેલી કસોટી છે - ગરીબ, વંચિત, આદિવાસી અને મિડલ ક્લાસના જીવનમાં બદલાવ! આના માટે, હેલ્થ સેક્ટર અમારી બહુ મોટી પ્રાથમિકતા છે. વીતેલાં વર્ષોમાં દેશ હેલ્થ કેર માટે હોલિસ્ટિક વિઝન લઈને આગળ વધ્યો. અમે ઇલાજથી જોડાયેલી દરેક ચિંતાનું સમાધાન કર્યું છે. આજે ગરીબમાં ગરીબ પાસે પણ આયુષ્માન કાર્ડની સુવિધા છે. તેમની પાસે 5 લાખ રૂપિયા સુધીના મફત ઇલાજનો ભરોસો છે. બીમારીની સમયસર તપાસ થઈ શકે, તેના માટે, પ્રધાનમંત્રી આયુષ્માન આરોગ્ય મંદિરોની વ્યવસ્થા છે. જન ઔષધિ કેન્દ્રો દ્વારા સસ્તી દવાઓ પણ મળી રહી છે. આ સુવિધાઓ હજુ બહેતર થાય, હજુ આધુનિક થાય, તેના માટે આયુષ્માન ભારત ડિજિટલ મિશન દ્વારા આજે સ્વાસ્થ્ય સેવાઓને ટેક્નોલોજીથી જોડવામાં આવી રહી છે.

સાથીઓ, આયુષ્માન કાર્ડ અને જન ઔષધિ કેન્દ્રોથી જ ગરીબ અને મધ્યમ વર્ગના આશરે સવા બે લાખ કરોડ રૂપિયા ખર્ચ થતા બચ્યા છે.

ભાઈઓ-બહેનો, કેન્દ્ર સરકારની નીતિઓનો બહુ લાભ આ ક્ષેત્રના લોકોને પણ થયો છે. એક સમયે અહીં ઇલાજની સારી સુવિધાઓનો પણ અભાવ હતો. અહીં મેડિકલ કોલેજ સુધ્ધાં નહોતી. પરંતુ, હવે મેડિકલ કોલેજ પણ છે અને તેમાં પોસ્ટ ગ્રેજ્યુએશનનું ભણતર પણ શરૂ થઈ ગયું છે. સિલવાસાની નમો હોસ્પિટલ ગયા વર્ષથી હજારો લોકોની સેવા કરી રહી છે. આજે દમણમાં પણ નમો હોસ્પિટલનું લોકાર્પણ થયું છે. આ ક્ષેત્રના લોકોને પણ હવે હજુ બહેતર હેલ્થ કેરનો લાભ મળશે.

## ‘આયુષ્માન ભારત’ 60 ટકાથી વધુ પરિવારોને સુરક્ષા મળી રહી છે

સાથીઓ, અમારી સરકાર કેવી રીતે સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપતાં ચાલી રહી છે, આનું એક પ્રમાણ નેશનલ ફેમિલી હેલ્થ સર્વેનાં પરિણામોમાં પણ મળે છે. એક સમયે ભારતમાં મોટાભાગના બાળકોની ડિલિવરી હોસ્પિટલમાં નહોતી થતી. આજે દેશમાં 90 ટકાથી વધુ ડિલિવરી હોસ્પિટલોમાં થઈ રહી છે, જેના કારણે માતા મૃત્યુ કે નવજાતની મૃત્યુમાં બહુ મોટો અટકાવ આવ્યો છે. મિશન ઇન્દ્રધનુષના કારણે બાળકોના રસીકરણના ક્ષેત્રમાં પણ ભારતે સારી પ્રગતિ કરી છે. 2014 પહેલાં માત્ર 60 ટકા બાળકોનું પૂર્ણ રસીકરણ થઈ શકતું હતું. આજે આ આંકડો વધીને આશરે 90 ટકા સુધી પહોંચી ગયો છે. સ્વાસ્થ્ય સુરક્ષાના ક્ષેત્રમાં પણ મોટો બદલાવ આવ્યો છે. 2014 પહેલાં 30 ટકાથી પણ ઓછા પરિવારો સ્વાસ્થ્ય વીમા યોજનાથી જોડાયેલા હતા. આજે આયુષ્માન ભારતે, એ આંકડાઓને પણ બદલી દીધા છે. હવે 60 ટકાથી વધુ પરિવારોને આ સુરક્ષા મળી રહી છે.

સાથીઓ, સ્વાસ્થ્યના ક્ષેત્રમાં સરકારના આ પ્રયાસોનો લાભ જો કોઈને સૌથી વધારે મળ્યો છે, તો તે મારા દેશની નારીશક્તિ છે.

સાથીઓ, પહેલાં આ ક્ષેત્રના યુવાનોને હાયર એજ્યુકેશન માટે પણ બહાર જવું પડતું હતું. પરંતુ, આજે અહીં નેશનલ લેવલની, એક નહીં કેટલીય ઇન્સ્ટિટ્યૂટ બની ચૂકી છે. પાછલાં વર્ષોમાં અહીં શાળાઓની નવી બિલ્ડિંગ્સ બની છે, શાળાઓમાં સ્માર્ટ ક્લાસરૂમ પણ બન્યા છે. 40 હજારથી વધુ વિદ્યાર્થીઓને આનો લાભ મળી રહ્યો છે. મને ખુશી છે કે કેન્દ્રશાસિત પ્રદેશ ધીમે-ધીમે એજ્યુકેશનના ક્ષેત્રમાં આગળ આવી રહ્યો છે. સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન હબ જેવાં કેટલાય નિર્માણ અહીં થઈ રહ્યા છે.

સાથીઓ, જ્યારે વિકાસના વિઝનની સાથે સંવેદનશીલ ગવર્નન્સ જોડાય છે, તો પરિવર્તન તેજ ગતિથી જમીન પર ઊતરે છે. દાદરા અને નગર હવેલી, દમણ અને દીવમાં આપણા આ પ્રયાસોનો પ્રભાવ જોઈને સંતોષ થાય છે. મને આ ધરતીના લોકો પર પૂરો વિશ્વાસ છે. અહીંના યુવાનો, અહીંની માતાઓ-બહેનો, અહીંના ખેડૂતો, કારીગરો, શ્રમિકો અને ઉદ્યમીઓ, આવનારાં વર્ષોમાં આ વિકાસયાત્રાને હજુ આગળ લઈ જશે. હું તમને ભરોસો અપાવું છું, તમારાં સપનાઓને પૂરાં કરવા માટે કેન્દ્ર સરકાર ખભેથી ખભો મિલાવીને ઊભી રહેશે. આ જ વિશ્વાસની સાથે, હું એકવાર ફરી વિકાસ પરિયોજનાઓ માટે તમને ખૂબ-ખૂબ વધામણી આપું છું.



## ૨૨ જૂન થી ૧૦ જુલાઈ દરમિયાન રાજ્યના ૫૮૦ મંડલોમાં પ્રશિક્ષણ વર્ગ યોજાશે

# ભાજપાનું રાષ્ટ્રવ્યાપી પ્રશિક્ષણ મહાઅભિયાન એક દૃષ્ટિએ દુનિયાનો સૌથી મોટો ટ્રેનિંગ પ્રોગ્રામ છે – જેમાં ૧૬.૫ લાખથી વધુ કાર્યકરોને પ્રશિક્ષિત કરવામાં આવશે - રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી શિવપ્રકાશજી





ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્', કોબા, ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી શિવપ્રકાશજીની વિશેષ ઉપસ્થિતિમાં 'પંડિત દિનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન- ૨૦૨૬' અંતર્ગત ૨૨ જૂન થી ૧૦ જુલાઈ દરમિયાન રાજ્યના ૫૮૦ મંડલોમાં આયોજિત થનાર મંડલ પ્રશિક્ષણ વર્ગ અન્વયે પ્રદેશ કાર્યશાળા યોજાઈ હતી. જેમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી તેમજ પ્રશિક્ષણ મહાઅભિયાનના પશ્ચિમ-મધ્ય ઝોન પ્રભારી શ્રી કે.સી પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યશાળામાં રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી શિવપ્રકાશજીએ પ્રશિક્ષણ મહાઅભિયાનની કાર્યસૂચિ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભાજપાનું આ રાષ્ટ્રવ્યાપી પ્રશિક્ષણ અભિયાન એક દષ્ટિએ દુનિયાનો સૌથી મોટો ટ્રેનિંગ પ્રોગ્રામ છે જેમાં મંડલ અને જિલ્લા સ્તરે ૧૬.૫ લાખથી વધુ કાર્યકરોને પ્રશિક્ષિત કરવામાં આવશે. ભારતીય જનસંઘ વખતથી ૧૯૫૨ થી કાર્યકરોને પ્રશિક્ષિત કરવાની પરંપરા ચાલતી આવી છે. દેશના કરોડો નાગરિકોની અપેક્ષા ભારતીય જનતા પાર્ટી પાસેથી છે ત્યારે બદલાતા સમયની સાથે આવશ્યકતા અનુસાર નવચાર સાથે કાર્યકરોને વિવિધ આયામો સાથે પ્રશિક્ષિત કરવા ભાજપા દ્વારા સમયાંતરે પ્રશિક્ષણ વર્ગોનું આયોજન કરાય છે.

તેમણે વધુમાં કહ્યું કે, સંગઠનને સિદ્ધ, સક્ષમ, સશક્ત અને સક્રિય બનાવવા માટે પ્રશિક્ષણ વર્ગનું ખૂબ મહત્ત્વ છે. રાષ્ટ્રનિર્માણના ઉદ્દેશ્ય, સુવ્યવસ્થિત યોજના અને પરિશ્રમના સરવાળાથી સફળતા ચોક્કસથી પ્રાપ્ત થાય છે. શ્રી શિવપ્રકાશજીએ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજીના માર્ગદર્શન હેઠળ દેશભરમાં આયોજિત પ્રશિક્ષણ વર્ગો અંગેનો ચિતાર રજૂ કર્યો હતો.

**પ્રશિક્ષણ વર્ગો દ્વારા કાર્યકરોમાં સમયબદ્ધતા, શિસ્ત, ધ્યાન, એકાગ્રતા, કર્તવ્યપરાયણતા જેવા ગુણોનો વિકાસ વધુ સુદૃઢ રીતે થાય છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના સંબોધનમાં જણાવ્યું કે, પ્રશિક્ષણ વર્ગો દ્વારા કાર્યકરોમાં સમયબદ્ધતા, શિસ્ત, ધ્યાન, એકાગ્રતા, કર્તવ્યપરાયણતા જેવા ગુણોનો વિકાસ વધુ સુદૃઢ રીતે થાય છે. કાર્યકર્તા નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ માટે પ્રશિક્ષણ વર્ગ

- પ્રશાંત વાળા



## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની જનતાના ભાજપા પર વધી રહેલા વિશ્વાસને જાળવી રાખવા માટે પ્રશિક્ષિત કાર્યકર્તાની ભૂમિકા અંત્યંત મહત્ત્વની છે - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની જનતાનો ભારતીય જનતા પાર્ટી પર વિશ્વાસ વધતો જાય છે. અને આ વિશ્વાસને જાળવી રાખવા માટે પ્રશિક્ષિત કાર્યકર્તાની ભૂમિકા મહત્ત્વની છે. આજે દેશના ૨૨ પ્રદેશો અને ૮૦% ભુભાગ માં જનતાના આશીર્વાદ અને પરિવારભાવના સાથે કાર્યકરોએ કરેલી મહેનતના પરિણામસ્વરૂપ ભાજપાનું શાસન છે અને આ જનાધાર હજુ વધે તે દિશામાં આપણે આગળ વધવાનું છે. તે માટે કાર્યકર્તાનું ઘડતર કરવું જરૂરી છે. પ્રશિક્ષણ વર્ગો કાર્યકર્તાને વધુ જાણકાર, કટિબદ્ધ અને વિચારશીલ બનાવવાનું માધ્યમ છે. ભાજપાનો કાર્યકર્તા રાષ્ટ્રપ્રથમની ભાવના, એક રાષ્ટ્ર-શ્રેષ્ઠ રાષ્ટ્રના ભાવ અને આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે અવિરત કાર્યરત છે.



અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત@૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવા ભાજપાનો ભગવો દેશભરમાં લહેરાતો રહે તેની જવાબદારી સૌ કાર્યકરોની છે.

શ્રી વિશ્વકર્માજીએ જણાવ્યું હતું કે, પક્ષની કાર્યપદ્ધતિ અને સિદ્ધાંતોનો જાણકાર કાર્યકર્તા પક્ષની વિચારધારા અને કાર્યો વધુ અસરકારકતા સાથે જનતા વચ્ચે લઈ જઈ શકે છે. માટે જ સમયાનુસાર પ્રશિક્ષણની આવશ્યકતા રહેલી છે. પ્રશિક્ષણ વર્ગો કાર્યકરોમાં વૈચારિક કટિબદ્ધતા અને નેતૃત્વના ગુણોનો વિકાસ કરે છે. ભાજપાનો કાર્યકર માત્ર ચુંટણીની મશીનરી તરીકે નહિ પણ રાષ્ટ્રહિત માટે વૈચારિક સ્પષ્ટતા સાથે સતત જનતા વચ્ચે રહેતો કાર્યકર્તા છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના કાર્યમંત્ર સાથે ભાજપાનો કાર્યકર્તા સદાય કાર્યરત છે.

આ પ્રદેશ કાર્યશાળામાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી અને 'પંડિત દિનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન- ૨૦૨૬'ના રાષ્ટ્રીય સહ સંયોજકશ્રી રત્નાકરજીએ તમામ ૫૮૦ મંડલમાં આયોજિત થનાર પ્રશિક્ષણ વર્ગોના સુદઢ અને સુનિયોજિત આયોજન, વર્ગોની રૂપરેખા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું અને જણાવ્યું હતું કે પ્રશિક્ષણ વર્ગ દ્વારા સક્ષમ કાર્યકર્તાઓનું નિર્માણ થાય છે. તેઓએ મંડલ સ્તરે કાર્યકરો અને પદાધિકારીઓને પ્રશિક્ષિત કરવા માટે જનાર પ્રશિક્ષકોના પ્રશિક્ષણ માટે તેમજ વર્ગમાં આયોજિત થનાર વિવિધ સત્રો સંદર્ભે પણ છણાવટ કરી હતી. પ્રશિક્ષણ મહાઅભિયાનના રાષ્ટ્રીય ટીમના સદસ્ય શ્રી તરુણ ઝવેરીએ આ પ્રસંગે પ્રશિક્ષણમાં નવાચાર અને ટેક્નોલોજીના ઉપયોગ વિશે જાણકારી આપી હતી.






# ગુજરાતમાં ઘૂસણખોરી અને બોર્ડર પર તસ્કરી સંપૂર્ણપણે બંધ થઈ - કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ

કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે બોર્ડર ફેન્સિંગ, દરિયાઈ સરહદ સુરક્ષા અને રાજ્ય સરકારની દૃઢ રાજકીય ઇચ્છાશક્તિથી ગુજરાતના સુરક્ષા પરિદૃશ્યમાં મોટો બદલાવ આવ્યો છે અને રાજ્યમાં ઘૂસણખોરી તથા બોર્ડર પર તસ્કરી સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય સરહદના 0 થી 15 કિલોમીટર વિસ્તારમાં દરેક અનધિકૃત અતિક્રમણ પ્રત્યે ઝીરો ટોલરન્સ એપ્રોચ રાખીને તેને સમાપ્ત કરવામાં આવે. તેમણે સરહદી વિસ્તારોમાં કટ્ટરતાવાદના કેન્દ્રો પર બાજનજર રાખવાની આવશ્યકતા પર પણ ભાર મૂક્યો.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે સરહદી જિલ્લાઓમાં જિલ્લા મેજિસ્ટ્રેટે જનસાંખ્યિકી પરિવર્તનની સખત મોનિટરિંગ તેમજ નિયમિત રિપોર્ટિંગ કરવું જોઈએ. તેમણે કહ્યું કે સરહદી વિસ્તારોમાં ઔદ્યોગિક એકમો આવવાના કારણે થઈ રહેલું રિવર્સ માઈગ્રેશન આવકારદાયક છે. શ્રી શાહે કહ્યું કે પહેલાથી સ્થાયી થયેલા ઘૂસણખોરોને પાછા મોકલવાના કાર્યમાં પોલીસ સ્ટેશનથી લઈને પટવારી સુધી, બધા એકજૂથ થઈને આગળ આવે. તેમણે કહ્યું કે દરેક સરહદી જિલ્લાના પડકારો અને જરૂરિયાતોના આધારે સ્થાનિક પ્રશાસન SOPs તૈયાર કરે, જેમાં પહેલાથી સ્થાયી થયેલા ઘૂસણખોરો, ડ્રોન અને નાર્કોની ઓળખ કરવાનું સુનિશ્ચિત હોય. તેમણે કહ્યું કે દરેક જિલ્લામાં સુરક્ષા સમન્વય જૂથ બનાવવામાં આવે, જેમાં BSF, તટરક્ષક બળ (કોસ્ટ ગાર્ડ), આવકવેરા વિભાગ, ED અને લીડ બેંકના મેનેજરને સામેલ કરવામાં આવે. શ્રી શાહે કહ્યું કે ઇનકમ ટેક્સ, મની લોન્ડરિંગ અને કસ્ટમ કાયદાઓના અમલીકરણની જવાબદારી DM, SP અને IG, બોર્ડર રેન્જની હોવી જોઈએ.

શ્રી અમિતભાઈ શાહે સરહદી જિલ્લાઓમાં હવાલા ટ્રાન્ઝેક્શન, લેવડદેવડ, મ્યૂલ એકાઉન્ટ, શેલ કંપનીઓ, શંકાસ્પદ વાહનો અને GST કલેક્શન પર કડક દેખરેખ રાખવાની આવશ્યકતા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે આર્થિક ગુનાઓ સામે લડતી એજન્સીઓને સરહદી વિસ્તારો વિશે કડકાઈથી સૂચિત કરવામાં આવે અને આવકવેરા વિભાગ, RBI ની સાથે મળીને સર્વેની મોટી ઝુંબેશ ચલાવે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદ રેખા (IMBL)થી નજીકતાને ધ્યાનમાં રાખતા દરિયાકાંઠાની સુરક્ષા અને ભારતીય તટરક્ષક બળ સાથે પ્રભાવી સમન્વય પર ભાર મૂકવાની આવશ્યકતા છે. તેમણે કહ્યું કે વાઇબ્રન્ટ વિલેજીસની સાથે-સાથે ભારત સરકાર અને રાજ્ય સરકારની દરેક યોજનાનું સરહદી ગામોમાં 100% સેચ્યુરેશન (પરિપૂર્ણતા) સુનિશ્ચિત થાય.





# છેલ્લાં 12 વર્ષોમાં રેલવે, હાઈવે, એરપોર્ટ, લોજિસ્ટિક્સ, બંદરો અને ડિજિટલ માળખાગત સુવિધાઓ અકલ્પનીય ગતિએ વિસ્તરી છે – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

મિત્રો, આજનો દિવસ દેશભરના હજારો યુવાનો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. 51,000 થી વધુ લોકોને સરકારી નોકરીઓ માટે નિમણૂક પત્રો મળ્યા છે. આજે, તમે બધા દેશની વિકાસયાત્રામાં મહત્ત્વપૂર્ણ ભાગીદાર બની રહ્યા છો, જવાબદાર ભાગીદાર બની રહ્યા છો. તમે બધા આગામી વર્ષોમાં વિકસિત ભારત માટેના સંકલ્પને પૂર્ણ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશો.

## 51,000થી વધુ લોકોને સરકારી નોકરીઓ માટે નિમણૂક પત્રો

